**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પાંચમું સત્ર**
**મંગળવાર, તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. **માલદીવ પાર્લામેન્ટરી ડેલિગેશનના આગમન અંગે જાહેરાત**

પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન બપોરના ૧૨.૫૫ કલાકે માલદીવ પાર્લામેન્ટરી ડેલિગેશન ગૃહની કાર્યવાહી નિહાળવા અધ્યક્ષ ગેલેરીમાં આવતા, માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહને તે વાતથી અવગત કરી, શાબ્દીક સ્વાગત કર્યું.

૩. **તારાંકિત પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭થી ૩૫૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ કલાકે પૂરો થયો.

૪. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે માનનીય મુખ્યમંત્રીશ્રીના વિભાગોના અગ્રતાક્રમાંક–૫૨ અને ૨૧૭ ઉપરના પ્રશ્નોના જવાબ આપવાનો વારો જૂથ–૧માં હોવા છતાં પ્રશ્નોનો સમાવેશ જૂથ–૨માં કરવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતનું વિગતવાર રૂલીંગ તેઓ પછી આપશે તેમ જણાવ્યું.

૫. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૧૯–૨૦નું અંદાજપત્રક તથા ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૬–૧૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૬–૧૭ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

૬. **સરકારી વિધેયકો**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૯નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી અરવિંદકુમાર ગો.પટેલ
(૩) શ્રી લલીત વસોયા
(૪) શ્રી પૂર્ણેશ મોદી
(૫) શ્રી લલીતભાઇ કગથરા (પ્રવચન અધૂરું)

**(વિરામ – બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ માનનીય સભ્યશ્રી લલીતભાઇ કગથરાએ પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યું.

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૨૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૨૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૭. **દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજના ક્રમમાં ફેરફાર કરવા બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલની વિનંતીને ધ્યાનમાં રાખીને તેમના ઘેર સામાજિક પ્રસંગ હોવાથી તેમના વિધેયક ક્રમાંક–૩૨નો અગ્રતાક્રમ–૫ના બદલે અગ્રતાક્રમ–૨ પર ચર્ચા માટે હાથ ધરવાની માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિનંતી ગ્રાહ્ય રાખી, કામકાજની યાદીમાં ક્રમાંક–૩(૫) સામે દર્શાવેલ વિધેયકની ચર્ચા હાથ ધરવા આદેશ કર્યો.

૮. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (તૃતીય સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ડો.સી.જે.ચાવડા
(૨) શ્રી ઋષિકેશ પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી સી.કે.રાઉલજી
(૫) શ્રી બળદેવજી ઠાકોર
(૬) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૭) શ્રી પ્રતાપ દૂધાત

ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૯. **પોઇન્ટ ઓફ ઓર્ડર અંગેના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની જાહેરાત**

આજ તા.૧૦મી ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સભ્યશ્રી પુંજાભાઇ વંશે જૂથ–૧ના પ્રશ્નોના જવાબો જૂથ–૨માં આપવા સંબંધે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરેલ. જેના અનુસંધાને માનનીય અધ્યક્ષશ્રીએ વિભાગ દ્વારા અન્ય વિભાગને પ્રશ્ન તબદીલ કરાયો ત્યારે બેલેટ થઇ ગયેલ હોઇ, કોઇ સભ્યશ્રી તેમના પ્રશ્નના જવાબથી વંચિત ન રહી જાય તેવા શુભ હેતુથી જ અન્ય મંત્રીશ્રીના વારાની પ્રશ્નોત્તરીમાં તેમણે સભ્યશ્રીના પ્રશ્નો ચાલુ રાખેલ હતા અને મંત્રીશ્રીઓને આ પ્રશ્નોના જવાબ આપવાની ફરજ પાડવામાં આવી હતી તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના ક્ષેત્રાધિકારને લગતી બાબતો અંગે સભ્યશ્રીઓને ગૃહમાં મુદ્દા ઉઠાવવાને બદલે તેમને તેમની ચેમ્બરમાં મળીને રજૂઆત કરવા બાબતના પુરોગામી અધ્યક્ષોના નિર્ણયો અંગે સભાગૃહનું ધ્યાન દોરી તત્કાલીન અધ્યક્ષોએ આ બાબતે નારાજગી પણ વ્યક્ત કરેલ એમ જણાવી ભવિષ્યમાં આ બાબતની કાળજી રાખવા સર્વે સભ્યોને જણાવ્યું.

૧૦. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૩) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૯નું ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

૧૧. **સભાગૃહના કામકાજમાં ફેરફાર તથા સમય લંબાવવા બાબત.**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના કામકાજની યાદીના વિધેયક ક્રમાંક–૩૩ અને વિધેયક ક્રમાંક–૩૬ને તા.૧૧–૧૨–૨૦૧૯ના રોજ ચર્ચા માટે હાથ ધરવા અને વિધેયક ક્રમાંક–૩૦ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠક લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં વિપક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે સંમતિ આપતા માનનીય અધ્યક્ષશ્રીએ તે પ્રમાણે ઠરાવ્યું.

૧૨. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી કીરીટકુમાર પટેલ | (૩) શ્રી બાબુભાઇ વાજા |
| (૨) શ્રી કુબેરભાઇ ડીંડોર | (૪) ડો.આશાબેન પટેલ |

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બુધવાર તા.૧૧મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬.૦૦ કલાકે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**